કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યઝપેપર

Digital Copy

जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી ગુજરાત

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 11 | 23 August 2025 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujrat2025@gmail.com | CANADA |

# કેનેડા ખાતે આઈ લવ ગુજરાત ગ્રુપના સભ્યો દ્વારા 15 ઓગસ્ટ સ્વતંત્રતા દિવસ-જન્માષ્ટમી ઉજવણી



કેનેડા ખાતે આઈ લવ ગુજરાત ગ્રુપ ના સભ્યો દ્વારા 15 ઓગસ્ટ ને શુક્રવારના રોજ સ્વતંત્રતા દિવસની ઉજવણી ગ્રુપના સૌ સભ્યો તથા પંજાબી કમ્યુનિટીના વડીલો અને પાર્કમાં એકત્ર થતાં બધા જ બાળકો તથા વડીલો એકત્ર થઈ ભારતના રાષ્ટ્રીય તહેવારની ઉજવણી કરાઈ હતી.

આ પ્રસંગે માતૃભૂમિ ભારત નો રાષ્ટ્રધ્વજ તથા કર્મભૂમિ કેનેડાનો પણ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો આ સંપૂર્ણ પ્રસંગનું સંચાલન ગ્રુપના ખજાનચી શ્રી જયંતભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો મુખ્ય મહેમાન તરીકે ગ્રુપના મંત્રી અને ગરવી ગુજરાત ન્યુઝ પેપરના તંત્રી શ્રી સુગ્નેશ પટેલ ને કમિટીના સૌ સભ્યોએ અને ગ્રુપના સૌ વડીલોએ નિયુક્ત કર્યા હતા રાષ્ટ્રધ્વજને સલામી આપી ત્યારબાદ ઝંડા ગીત અને રાષ્ટ્રગીત મહિલા પ્રવક્તા નિર્મળાબેન દરજી અને નીલાબેન ભટ્ટ દ્વારા રજૂ કરાયું હતું ત્યારબાદ શ્રી સુરેશભાઈ ગાંધી અને શ્રી સુગ્નેશ પટેલે પ્રાસંગીક પ્રવચન કર્યા હતા તથા પધારેલ મહેમાનોનું સ્વાગત ગ્રુપના પ્રમુખશ્રી અમૃતભાઈ પંચાલ ઉપપ્રમુખ શ્રી શરદભાઈ પટેલ તથા આદરણીય સભ્યો શ્રી ભરતભાઈ દરજી અમિતભાઈ ભટ્ટ ગીરીશભાઈ સોની કિરીટભાઈ પટેલ જગુભાઈ પ્રજાપતિ કેકુલભાઈ શાહ ઘનશ્યામભાઈ પટેલ તથા ઈશ્વરભાઈ પટેલે કર્યું હતું. આ પ્રસંગે પંજાબી કમ્યુનિટીના પ્રમુખ શ્રી પધાર્યા હતા સાથે રિટાયર્ડ આર્મી કર્નલ શ્રી ગુરબચન સિંગ કર્નલ સાહેબ નું ખાસ સ્વાગત કરાયું હતું અંતે ગ્રુપના વડીલ આદરણીય પ્રોફેસર સાહેબ શ્રી જગદીશભાઈ પટેલે આભાર વિધિ કરી હતી તદુપરાંત બીજા દિવસે શનિવારે કૃષ્ણ જન્મોત્સવ નો પણ ભવ્ય પ્રોગ્રામ આઈ લવ ગુજરાત ગ્રુપના સભ્યો દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો જેમાં ગ્રુપના કમિટી સભ્યો આદરણીય સારલાબેન ગાંધી ને ત્યાંથી બાલકૃષ્ણ લાલ ને શોભાયાત્રા રૂપે સૌ સભ્યો લઈ











આવ્યા હતા અને પાર્કમાં આદરણીય શ્રી કિરીટ ભાઈ અને મોનાબેન દ્વારા સજાવેલ મંદિર જેવા સુંદર ટેન્ટમાં પારણે ઝુલાવ્યા હતા આ પ્રસંગે ગ્રુપના કમિટી સભ્ય કુંદનબેન પટેલ માખણ મિસરી લાવી લાલજીને ધરાવ્યા હતા તથા પંજીરી તથા ડ્રાયફ્રુટ નો પ્રસાદ ગ્રુપના સભ્ય આદરણીય ભારતીબેન પટેલ અને મનિષાબેન ઠક્કર દ્વારા ધરાવવા માં આવ્યો હતો આ પ્રસંગે ગ્રુપના સભ્યોના ઘણા યુવા પરિવારજનો પણ વડીલો સાથે જોડાય ને આનંદ લીધો હતો જેમાં ઉર્વી તથા ગૌતમ પંચાલ તથા જલ્પા અને મિતેશ પટેલ તથા યાતી અને દિપેશ પટેલ તથા પૂજા અને હેમલ ડાભી અને ઈવા અને રવિ પટેલ ઉપરાંત વિજય પંચાલ યશ્વી પટેલ ઉપરાંત બાળકો પણ પહોંચી પરિવારની જેમ આનંદ લીધો હતો તથા જન્માષ્ટમીનો ઉપવાસ હોવાથી ગ્રુપના આદરણીય સભ્ય શ્રી ભરતભાઈ દરજીએ તેમના સુપુત્રને ફોન કરતા એમના સુપુત્ર શ્રી હિરેનભાઈ તથા પુત્રવધુ કરિશ્મા સૌ વડીલો અને બાલ ગોપાલ માટે આઈસ્ક્રીમ વ્યવસ્થા કરી પહોંચ્યા હતા આમ સૌએ સ્વતંત્રતા અને ધાર્મિક પ્રસંગો ની ઉજવણી સાથે બે દિવસ ખૂબ આનંદ લીધો હતો

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**23 ઓગષ્ટ શનિવારથી 29 ઓગષ્ટ શુક્રવાર**

**મેષ રાશિ અ, લ, ઈ** શારીરિક અને માનસિક રીતે તમે આ અઠવાડિયે સારું અનુભવો છો. આ હોવા છતાં, તેના પર આવતી માનસિક તાણને તમારા પર વર્ચસ્વ ન આવવા દો. કારણ કે આમ કરવાથી કોઈ પણ શારીરિક સમસ્યાને જન્મ મળે છે.

**વૃષભ રાશિ બ, વ, ઉ** તમારી સારવારમાં પરિવર્તન તમારા સ્વાસ્થ્યમાં ઘણી સકારાત્મકતા લાવશે. આ માટે, તમારી રૂટિનમાં પણ સાચા સુધારો કરો અને જો જરૂરી હોય તો સારા ડોક્ટરની પાસેથી તમારી ડાયટ પ્લાન મેળવો.

**મિથુન રાશિ ક, છ, ઘ** સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સપ્તાહ સારી નોંધ પર શરૂ થશે. કારણ કે આ સમય દરમિયાન તમારા સ્વાસ્થ્યમાં સકારાત્મક પરિવર્તન આવશે. પરિણામે, તમે આ સમયે જીમમાં જોડાવાનું નક્કી કરી શકો છો. તમે પણ જાણો છો કે લોકો તમારી પાસેથી શું ઇચ્છે છે.

**કર્ક રાશિ ડ, હ** તમે સકારાત્મક ઊર્જા ગુમાવી હતી, આ અઠવાડિયે તમારી પાસે પુષ્કળ સકારાત્મક ઊર્જા હશે. તેથી, તમારી ઊર્જાને યોગ્ય દિશામાં વાપરો અને તેમાંથી સારો નફો મેળવો, નહીં તો આ અઠવાડિયે વધારાનું કામનો ભાર તમારા ક્રોધનું કારણ બનશે.

**સિંહ રાશિ મ, ટ** જો તમે આ અઠવાડિયે સુખી જીવન જીવવા માંગતા હો, તો તમારે તમારા હઠીલા અને અડચણવાળા વલણને બાયપાસ કરવાની સૌથી વધુ જરૂર પડશે. કારણ કે આ સાથે, તમારે સમય વ્યર્થ થવાની સાથે અન્ય લોકો સાથેના તમારા સારા સંબંધોને બગાડવું પડી શકે છે.

**કન્યા રાશિ પ, ઠ, ણ** તમારો સ્વભાવ તમારા સ્વાસ્થ્ય વિશે થોડો વધુ જાગૃત દેખાશે. જેના કારણે તમે પહેલા કરતા વધુ સારો ખોરાક લેતા જોશો. તેથી તમારું જીવનધોરણ રાખો અને સારા સ્વાસ્થ્યનો આનંદ લો. આ અઠવાડિયે યોગની રચના થઈ રહી છે.

**તુલા રાશિ ર, ત** તમે તમારામાં આત્મવિશ્વાસનો અભાવ અનુભવી શકો છો. પરંતુ જલદી તમે પરિસ્થિતિ પર પકડ મેળવવાનો પ્રયાસ શરૂ કરો છો, તમારી બધી ગભરાટ અદ્રશ્ય થઈ જશે અને ટૂંક સમયમાં તમે જોશો કે જે સમસ્યા તમે વિચાર્યું તે ખરેખર તમારા મગજની યુક્તિ હતી.

**વૃશ્ચિક રાશિ ન, ય** જો કોઈ કાયદાની અદાલતમાં કેસ સ્થગિત કરવામાં આવે છે, તો તમે તેના પરિણામ વિશે વિચાર કરીને પોતાને ગભરાવી શકો છો. જેના કારણે પરિવારનું વાતાવરણ પણ અશાંત દેખાશે. અઠવાડિયાની શરૂઆતમાં, તમે ઘણા સ્ત્રોતોથી પૈસા કમાવામાં સંપૂર્ણ સફળ થશો.

**ધન રાશિ ભ, ધ, ફ, ઢ** ફક્ત તમારી તબિયત સુધારશે જ નહીં, પણ તમારા જીવનમાં તમને કોઈ સારા સમાચાર મળશે. આવી સ્થિતિમાં, તમારી ખુશીને તમારી પાસે રાખવાને બદલે, અન્ય લોકો સાથે શેર કરો. કારણ કે તે તમારા સ્વાસ્થ્ય પર પણ સારી અસર બતાવશે.

**મકર રાશિ ખ, જ** જો તમે તમારા આરોગ્ય જીવન પર નજર નાખો તો આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય સારું રહેશે. આ સમય દરમિયાન તમે ઊર્જાથી ભરેલા રહેશો અને કાર્યક્ષમતા સાથે તમારા કાર્યને પૂર્ણ કરવા માટે તમામ પ્રયત્નો કરશે.

**કુંભ રાશિ ગ, સ, શ, ષ** તમારા માટે શું સારું છે તે ફક્ત તમે જ જાણો છો, તેથી મજબૂત અને સ્પષ્ટ બનો અને તમારા સ્વાસ્થ્યને સુધારવા માટે નિર્ણય લો અને પરિણામનો સામનો કરવા તૈયાર રહો. આ અઠવાડિયે તમારી આર્થિક પરિસ્થિતિમાં મોટા પાયે સુધારો થશે.

**મીન રાશિ દ, ચ, ઝ, થ** તમારે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવા પડશે, જેના કારણે તમને તાણ-ચિંતાનો સામનો કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં તમારા મન અને વિચારને કાબૂમાં રાખો અને જો કોઈ નિર્ણય લેવામાં મુશ્કેલી આવી રહી છે, તો મોટા કોઈની મદદ લો.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

## તંત્રી લેખ

**Jai Jai Garvi Gujarat!**

**શ્રાવણની ભક્તિમય વિદાય અને ગણેશજીના આગમનની વધામણી**

પ્રિય કેનેડા નિવાસી ગુજરાતી બંધુઓ અને બહેનો,

આપણા સૌના હૃદયમાં શ્રદ્ધા અને ભક્તિનો દિવ્ય દીપ પ્રગટાવનાર પવિત્ર શ્રાવણ માસ હવે તેની પૂર્ણાહુતિના આરે છે. શિવાલયોમાં ગુંજતા 'હર હર મહાદેવ'ના નાદ, ઉપવાસ, પૂજા-અર્ચના અને એકટાણાંથી શુદ્ધ થયેલું વાતાવરણ હવે ધીમે ધીમે વિદાય લઈ રહ્યું છે. કેનેડાની ભૂમિ પર રહીને પણ આપણે સૌએ જે રીતે ભગવાન ભોળાનાથની આરાધના કરી, તે ખરેખર પ્રશંસનીય છે. પરંતુ આપણી સંસ્કૃતિ અને આપણા સંસ્કારોનો સેતુ આપણને સૌને એક તાંતણે બાંધી રાખે છે.

શ્રાવણ માસ એ કેવળ વ્રત અને ઉપવાસનો મહિનો નથી, પરંતુ તે આત્મનિરીક્ષણ, સંયમ અને આધ્યાત્મિક ઉન્નતિનો અવસર છે. આ શ્રાવણ માસ દરમિયાન આપણે આપણી ભૌતિક ઇચ્છાઓ પર કાબૂ મેળવીને મનને પરમાત્મા સાથે જોડવાનો પ્રયાસ કર્યો. મંદિરોમાં થતી રુદ્રી, ભજન-કીર્તનથી આપણે સૌએ આ પવિત્ર માસની દિવ્યતાનો અનુભવ કર્યો. આખો મહિનો જે શિવમય વાતાવરણ રહ્યું, તેની સ્મૃતિઓ આવનારા સમયમાં આપણને શક્તિ અને શાંતિ આપતી રહેશે. ભગવાન શિવને પ્રાર્થના કે આ માસમાં કરેલી ભક્તિ અને તપસ્યાનું ફળ સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે.

એક તરફ શ્રાવણ માસની ભક્તિમય વિદાય છે, તો બીજી તરફ આપણા સૌના લાડકવાયા, વિઘ્નહર્તા દેવ ગણેશજીના આગમનનો થનગનાટ છે. વાતાવરણમાં "ગણપતિ બાપ્પા મોરયા, મંગલ મૂર્તિ મોરયા"ના નાદ ગુંજવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. શ્રાવણની શાંત અને ગંભીર ભક્તિ બાદ હવે ગણેશોત્સવનો ઉમંગ અને ઉત્સાહ આપણા જીવનમાં નવી ઉર્જાનો સંચાર કરવા આવી રહ્યો છે.

ભગવાન ગણેશ બુદ્ધિ, જ્ઞાન અને સમૃદ્ધિના દાતા છે. કોઈપણ શુભ કાર્યની શરૂઆત તેમના સ્મરણથી જ થાય છે. તેમનું આગમન એ માત્ર એક ઉત્સવ નથી, પરંતુ આપણા જીવનમાં રહેલા તમામ વિઘ્નોને દૂર કરી નવી સકારાત્મક શરૂઆતનો સંકેત છે. કેનેડામાં પણ દરેક ભાવિકોના ઘેર માટીની મૂર્તિઓની સ્થાપના અને મોદક-લાડુ બનાવવાની તૈયારીઓ શરૂ થઈ જશે આ ઉત્સવ આપણને સૌને ભેગા મળવાનો, સાથે મળીને આરતી-પૂજા કરવાનો અને આપણી આવનારી પેઢીને આપણી ભવ્ય સાંસ્કૃતિક વિરાસતથી પરિચિત કરાવવાનો સુવર્ણ અવસર પૂરો પાડે છે.

આ સંક્રાંતિ કાળ ખરેખર અદ્ભુત છે. શિવજીની તપસ્યાથી પવિત્ર થયેલા મન સાથે જ્યારે આપણે ગણપતિજીનું સ્વાગત કરીએ છીએ, ત્યારે આપણી શ્રદ્ધા વધુ દ્રઢ બને છે. ચાલો, આપણે સૌ સાથે મળીને શ્રાવણ માસની પૂર્ણાહુતિ પર ભગવાન શિવનો આભાર માનીએ અને આવનારા ગણેશોત્સવ



માટે બાપ્પાને આપણા હૃદય અને ઘરમાં બિરાજમાન થવા માટે ભાવભીનું આમંત્રણ આપીએ. ગરવી ગુજરાત' સાપ્તાહિક પરિવાર તરફથી આપ સૌને શ્રાવણ માસની સફળ પૂર્ણાહુતિ માટે નમન અને આગામી ગણેશ ચતુર્થીની હાર્દિક શુભેચ્છાઓ. વિઘ્નહર્તા દેવ આપ સૌના જીવનના તમામ અવરોધો દૂર કરી સુખ, સફળતા અને સમૃદ્ધિ બક્ષે એ જ અભ્યર્થના.

**સુજ્ઞેશ પટેલ (તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062**

## ખાસ નોંધ :-

આગામી ગણેશ ઉત્સવ દરમિયાન કેનેડાના કોઈપણ રાજ્યમાં સ્ટ્રીટમાં અથવા પોતાના ઘરે બેસાડેલા ગણેશજીનો ફોટો અને મંડળનું અથવા પોતાનું નામ એડ્રેસ અને ફોન નંબર મોકલશો તો ગરવી ગુજરાત ન્યુઝ પેપરમાં પ્રસિદ્ધ કરીશું આપના સહકારથી જ એ શક્ય બનશે તો આપના સહકારની અપેક્ષા સાથે જય ગણેશ. -4379670062

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**

**જિંદગી ના રસ ને પીવામાં જલ્દી કરો મરીઝ,**
**એક તો ગળતું જામ છે ને મદીરા થોડી**

**- ડો પ્રકાશભાઈ ઠક્કર, કાલોલ ગુજરાત (સંકલન)**

## Happy Birthday

*આ સાથે જન્મદિવસ નિમિત્તે કેનેડાના કોઈપણ રાજ્યના સાત વર્ષ સુધીના દીકરા અથવા દીકરીનો જન્મદિવસ હોય તો બાળકનું તથા માતા પિતાનું નામ જન્મ તારીખ અને ફોટો અમને મોકલશો તો આપના દીકરા અથવા દીકરીનો શુભેચ્છા સાથેનો ફોટો અમે નિ:શુલ્ક પ્રસારિત કરીશું તો જે વીકમાં જન્મદિવસ આવતો હોય તેના અગાઉના વીકમાં માહિતી અમને મોકલી આપશો.*

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સંબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.

## આપ સૌ વાચક મિત્રોના ઉત્સાહ પ્રેરક સહકારથી પ્રેરિત થઈને આપ સમક્ષ ગરવી ગુજરાત ન્યુઝ પેપરમાં

ગરવી ગુજરાત ન્યુઝ પેપરના આ અંકમાં **સાપ્તાહિક જ્ઞાન ક્વિઝમાં ગયા સપ્તાહના જવાબો તથા વિજેતા.** દર અઠવાડિયે ગરવી ગુજરાત ન્યુઝ પેપરના કોઈપણ પેજ ઉપર ક્વીઝ આપવામાં આવશે. જેમાં આઠ પ્રશ્નો હશે તેના સૌ પ્રથમ સાચા જવાબ આપનાર ત્રણ વિજેતા પછીના અંકની ક્વિઝ સાથે નામ ગરવી ગુજરાત ન્યુઝ પેપરમાં જાહેર કરવામાં આવશે

### સાપ્તાહિક જ્ઞાન ક્વિઝ

તમારું જ્ઞાન અજમાવો –
જવાબો આવતા અંકમાં જાહેર કરાશે!

**આજની ક્વિઝના પ્રશ્નો:**

**સાપ્તાહિક જ્ઞાન ક્વિઝ -3**

**(Multiple Choice)**

1 **ભારતનું નેશનલ પક્ષી કયું છે?**
a) મોર b) કબૂતર
c) ચકલી d) હંસ

2 **વિશ્વનો સૌથી મોટો મહાસાગર કયો ?**
a) એટલાન્ટિક b) હિંદ મહાસાગર
c) પેસિફિક d) આર્કટિક

3 **ભારતનો 'લોહ પુરુષ' તરીકે કોણ ઓળખાય છે?**
a) મહાત્મા ગાંધી
b) જવાહરલાલ નેહરુ
c) સરદાર વલ્લભભાઈ પટેલ
d) સુભાષચંદ્ર બોઝ

4 **કમ્પ્યુટરના પિતા તરીકે કોણ જાણીતા ?**
a) ચાર્લ્સ બેબેજ b) આલન ટ્યૂરિંગ
c) બિલ ગેટ્સ d) સ્ટીવ જોબ્સ

5 **તાજમહલ કયા શહેરમાં આવેલો છે?**
a) દિલ્હી b) આગ્રા
c) જયપુર d) લખનૌ

6 **ભારતીય ચલણમાં '' ચિહ્ન ક્યારે સ્વીકારવામાં આવ્યું?**
a) 2008 b) 2010
c) 2012 d) 2014

7 **'જન ગણ મન' ભારતનો રાષ્ટ્રીય ગાન કોણે લખ્યો?**
a) બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય
b) રવીન્દ્રનાથ ટાગોર
c) મહાત્મા ગાંધી
d) મીરાબેન

8 **સૌપ્રથમ ક્રિકેટ વર્લ્ડ કપ કયા વર્ષે યોજાયો હતો?**
a) 1971 b) 1973
c) 1975 d) 1979

### વાચક મિત્રો આ રહ્યા પ્રથમ જ્ઞાન ક્વિઝના 8 સવાલોના જવાબો તથા ક્વિઝના વિજેતા

| | | | |
|---|---|---|---|
| Q-1 = C | Q-3= D | Q-5= B | Q-7 = C |
| Q-2 = B | Q-4= A | Q-6 = B | Q-8 = B |

**આપના જવાબો +14373130062 આ વ્હોટ્સએપ નંબર પર મોકલવા.**



**નિર્મળાબેન દરજી**
બ્રેમટન કેનેડા



**શિલ્પા શાહ**
મિસીસાગા કેનેડા



**શૈલ પટેલ**
હેમિલ્ટન કેનેડા





GAJ VALLEY PEARL
GAJ GROUP
25+ WORLD-CLASS AMENITIES
PLOTS & FARMHOUSE
Near Vadodara for NRI Investors
Vadodara Gujarat
PLOT 6.99 LACS ONWARDS
PLOT AREA 999 SQ.FT.
WEBSITE
LOCATION
Site: At CHIPAD, DATTPURA TO ALVA ROAD, TA. WAGHODIYA, DIST. VADODARA – 391760.
Website: www.gajgroup.in
972 600 8000
PROJECT BY:
SPARK™ INFRAMARK PVT. LTD.
*CONDITIONS APPLY

# મૂષકવાહક ગણેશજી...



લેખક - શ્રીમતી મિનાક્ષી અ. કરમરકર

સદા સર્વદા યોગ માઝા ઘડાવા. તુઝા કારણી દેવ માઝા પડાવા, ઉપેક્ષુ નકો ગુણવંતા અનંતા, રઘુનાયકા માંગણે હેચી આતા...

બધા જ દેવોનો જન્મ એક જ દિવસ ઉજવાય છે પરંતુ ગણેશજીનો જન્મ વરસમાં બે વાર ઉજવાય છે. હકીકતમાં પાર્વતીજીએ ગણેશને જન્મ ભાદરવા ચોથને દિવસે આપ્યો હતો પરંતુ શિવજી દ્વારા મહા સુદ ચોથને દિવસે શિરચ્છેદ કરાયા બાદ હાથીનું મસ્તક મુકી પુનર્જીવીત કરાયા હતા.

વિઘ્નનાશક ગણેશજી બીજી સદીમાં પ્રથમ વખત શ્રીલંકા ખાતે પ્રગટ થયા હતા અને ત્યારબાદ છઠ્ઠી સદીમાં પૂરા ભારતમાં પ્રખ્યાત થયા એવું ધાર્મિક ગ્રંથોમાં લખાય છે. એમાં તો એ પણ ઉલ્લેખ છે કે પહેલા સિંહ, મોર, સાપ તથા ઘોડા સાથે ગણેશજી પ્રચલિત થયા હતા. જૈન ધર્મના અતિપ્રાચીન ચિત્રોમાં હાથી. કાચબો. મોર સાથે પણ જોવા મળે છે પણ છેવટે ગણપતિજીના મુખ્ય વાહન તરીકે ઉંદર સ્થાપિત થયા. ગણેશ પુરાણમાં એવું પણ વર્ણન કરાયું છે કે દરેક યુગમાં ગણેશજીનું વાહન બદલાતું રહે છે. સતયુગમાં ગણેશજીનું વાહન સિંહ છે. ત્રેતા યુગમાં ગણેશજીનું વાહન મોર છે અને વર્તમાન યુગમાં એટલે કે કળિયુગમાં તેમનું વાહન ઘોડો છે. મત્સ્યપુરાણ, બ્રહ્માનંદપુરાણ, ગણેશપુરાણમાં ઉંદરને વાહન તરીકે ઉપયોગ કરતા દર્શાવાયા છે જ્યારે ગણપતિ અથર્વશીષમાં ધજા ઉપર ઉંદર ચીતરવામાં આવ્યા છે. જેને મુશક વાહન અને અખુ કેતના (રેટ બેનર) તરીકે પણ ઓળખાય છે.

શા માટે ગણેશજીનું વાહન ઉંદર છે? એને માટે ઘણી બધી લોકવાયકાઓ પ્રચલિત છે જેમકે, ગજમુખાસુર નામના એક અસુર સાથે ગણેશજીને યુદ્ધ કરવું પડયું હતું. ગજમુખાસુરને એવું વરદાન મળેલું હતું કે તે કોઈ અસ્ત્ર/શસ્ત્રથી ન મરી શકે. આથી ગણેશજીએ એને મારવા માટે પોતાનો એક દાંત તોડયો અને ગજમુખાસુર પર ઘા કર્યો. ગજમુખાસુર આનાથી ભયભીત થયો અને મૂષક (ઉંદર) બનીને આમતેમ દોડવા લાગ્યો.

ગણેશજીએ મૂષક બનેલા ગજમુખાસુરને પોતાના પાશમાં બાંધી દીધો. ગજમુખાસુર ગણેશજીની માફી માગવા લાગ્યો. ગણેશજીએ ગજમુખાસુરને પોતાનું વાહન બનાવીને જીવનદાન આપ્યું.

બીજી લોકવાયકાનો ઉલ્લેખ ગણેશ પુરાણમાં મળી આવે છે. જે પ્રમાણે દ્વાપર યુગમાં એક બળવાન ઉંદર પરાશરના આશ્રમમાં આવીને મહર્ષિ પરાશરને ખૂબ દુખી કરતો.

તોફાની ઉંદરે મહર્ષિના આશ્રમની માટીનાં વાસણો તોડી નાંખ્યા હતા, તેમજ આશ્રમમાં રાખેલું અનાજ પણ નષ્ટ કરી દીધું. ઋષિઓનાં વસ્ત્રો અને ગ્રંથોને કતરી નાંખ્યા હતાં. મહર્ષિ પરાશર ઉંદરના આ કૃત્યથી ખૂબ દુખી થઈને ગણેશજીની શરણમાં ગયા. ગણેશજી મહર્ષિ પરાશરની વિનંતિથી પ્રસન્ન થઈને તોફાન કરી રહેલા ઉંદરને પકડવા માટે પોતાનો પાશ નાંખ્યો. પાશે ઉંદરનો પીછો કરીને પાતાળ લોકમાંથી બાંધી લાવીને ગણપતિ સમક્ષ રજૂ કર્યો. ગણેશજીને સામે જોઈને ચાલાક ઉંદર તેમની સ્તુતિ કરવા લાગ્યો. ગણેશજીએ કહ્યું કે તે મહર્ષિ પરાશરને ખૂબ હેરાન કર્યા છે. પરંતુ હવે તુ મારી શરણમાં છે જેથી તારે જે જોઈએ તે માંગી લે. ગણેશજીના આવા વચન સાંભળીને ઉંદરને અભિમાન થયું. તેણે કહ્યું કે મારે તમારી પાસેથી કંઈ જોઈતું નથી. જો તમારે મારી પાસેથી કશું માગવું હોય તો માંગી લો. ગણેશજી સ્મિત કરીને ઉંદરને કહ્યું કે તુ મારું વાહન બની જા. પોતાના અભિમાનને લીધે ઉંદર ગણેશજીનું વાહન બની ગયો. પરંતુ જેવા ગણેશજી ઉંદર ઉપર બેઠા કે એમના વજનથી ઉંદર દબાવા લાગ્યો. ઉંદરે ગણેશજીને કહ્યું કે પ્રભુ હું તમારા વજનથી દબાઈ રહ્યો છું. પોતાના વાહનની વિનંતિ સાંભળીને ગણેશજીએ પોતાનો ભાર ઓછો કરી લીધો. બાદમાં ઉંદર ગણેશજીનું વાહન બનીને તેમની સેવા કરવા લાગ્યો.

બીજી લોકકથા મુજબ ગણેશપુરાણમાં જણાવ્યા અનુસાર દેવાધિદેવ ઈન્દ્રના દરબારમાં ક્રાઉન્ચા નામનો સંગીતકાર હતો. એકવાર ભરદરબારમાં ક્રાઉન્ચાએ મુનિ વામદેવનું અપમાન કર્યુ. જેને લઈને વામદેવે મહાકાય ક્રાઉન્ચાને ઉંદર બનાવી દીધો. પોતાના નવા રૂપથી ડરેલા ક્રાઉન્ચાને ગણેશજીના ગણો એમના પગ પાસે લઈ આવ્યા અને ભગવાન ગણેશે એને આત્મજ્ઞાન આપી પોતાની શરણમાં લીધો.

ઉંદર ગણેશજીના પગ આગળ સ્થાપિત મૂર્તિના ઘણા બધા અર્થ કરી શકાય જેમકે. ઉંદર એ વાસનાનું પ્રતીક છે એટલે કે વાસનાને મારીને આપણે ગણેશજીની પૂજા કરવી જોઈએ. ઉંદર એ અંધકારનું ચિન્હ છે. એ જ્ઞાનથી, પ્રકાશથી ડરે છે. ભગવાન ગણેશના તેજોમય પ્રકાશ આગળ અંધકારનું અસ્તિત્વ કંઈ રહેતુ નથી. ઉંદર એ અભિમાનનું પ્રતિક છે. આપણા મનમાં અનેક ઈચ્છાઓ સમય જતાં અભિમાનરૂપ બની જાય છે. ઉંદરનું સ્થાન ભગવાન ગણેશજીના પગ પાસે મૂકવું એનો અર્થ એ કે આપણે આપણામાં રહેલા અભિમાનને ભગવાનના ચરણકમળમાં ત્યજી દેવો.

ઉત્ક્રાંતિવાદના નિયમ અનુસાર દરેક જીવ એકવાર તો બધી જ યોનીમાં જન્મ લે છે તે મુજબ ઉંદર, હાથીમાં વિલિન થાય પછી માણસ બને જેના અર્થરૂપ ગણેશજીનું શરીર માણસનું છે, પણ માથુ હાથીનું છે અને વાહન ઉંદર છે. જ્ઞાની માણસોને આમાં કંઈ જ અજુગતુ લાગતુ નથી.

ઉંદરના હાથમાં લાડુનો પ્રસાદ આપણને એ સૂચવે છે કે આપણે આપણા સંપર્કમાં આવતા નાનામાં નાના માણસને મહત્વ આપવું જોઈએ એનું ધ્યાન રાખવું જોઈએ. આ તો હકીકત છે કે જો સવારમાં દૂધવાળો ના આવે તો? છાપુ ના મળે તો? કચરાવાળો ના આવે તો? આવા તો હજારો “તો” આપણા જીવનમાં નાના માણસોનું મહત્વ સમજાવી જાય છે. થોડામાંથી થોડુ એમ સમજી રોજનો એક નિયમ બનાવવો જોઈએ કે “આજે દિવસ દરમ્યાન કોઈ ને કોઈ રીતે બીજાને મદદરૂપ થઈશ” સાચા દિલથી દિવસની શરૂઆતમાં આવો સેવાનો નિર્ણય લીધો હોય તો બાબા જરૂર યાચક અને દાતા મોકલી જ આપે. આપણે તો ફકત નિમિત્ત બનવાનું છે.

આપણે કદી વિચાર્યુ છે કે દેવી-દેવતાઓની મૂર્તિઓને પાણીમાં કયા કારણોથી વિસર્જીત કરાય છે? શાસ્ત્રો મુજબ જળને બ્રહ્મનું સ્વરૂપ ગણાય છે. માનવામાં આવે છે કે સમગ્ર બ્રહ્માંડના સર્જનની શરૂઆત અને અંત માત્ર પાણીમાં જ હોય છે. પાણીને તર્ક અને જ્ઞાનનું પ્રતીક ગણવામાં આવે છે. જળને ભગવાન ગણપતિ ગણવામાં આવે છે.

પાણીમાં શ્રીહરિનો વાસ છે જેથી તેઓ નારાયણ કહેવાય છે. માન્યતા મુજબ જ્યારે જળમાં દેવ પ્રતિમાઓને વિસર્જીત કરાય છે તો દેવતાઓનો અંશ મૂર્તિમાંથી નીકળી પોતાના લોકમાં જાય છે એટલે પરબ્રહ્મમાં લીન થઈ જાય છે. આ જ કારણ છે કે મૂર્તિઓને પાણીમાં વિસર્જિત કરવામાં આવે છે.

મોરયા મોરયા મી બાળ તાણે. તુઝી ચ સેવા કરૂ કાય જાણે... અન્યાય માઝે કોટયાના કોટિ, મોરેશ્વરા બાળ તુ ઘાલ પોટી..

# કેનેડા 2026માં એક્સપ્રેસ એન્ટ્રી માટે ત્રણ નવી વ્યાવસાયિક શ્રેણીઓનો પ્રસ્તાવ

## કેનેડાની ફેડરલ સરકાર વરિષ્ઠ મેનેજરો, વૈજ્ઞાનિકો અને સંશોધકો અને લશ્કરી કર્મચારીઓ માટે નવી એક્સપ્રેસ એન્ટ્રી શ્રેણીઓ બનાવવાનું વિચારી

કેનેડા 2026 માં એક્સપ્રેસ એન્ટ્રી માટે ત્રણ નવી વ્યાવસાયિક શ્રેણીઓનો પ્રસ્તાવ મૂકે છે.

કેનેડાની ફેડરલ સરકાર વરિષ્ઠ મેનેજરો, વૈજ્ઞાનિકો અને સંશોધકો અને લશ્કરી કર્મચારીઓ માટે નવી એક્સપ્રેસ એન્ટ્રી શ્રેણીઓ બનાવવાનું વિચારી રહી છે, જે આ વ્યવસાયોમાં વિદેશી નાગરિકો માટે કેનેડિયન કાયમી નિવાસ મેળવવાનું સરળ બનાવશે.

ઈમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ કેનેડા (IRCC) એ કેનેડા સરકારની વેબસાઈટ પર પ્રકાશિત જાહેર સલાહ માંગતી તેમની પોસ્ટમાં આ ત્રણ શ્રેણીઓની યાદી આપી છે.

ફેડરલ સરકારની એપ્લિકેશન મેનેજમેન્ટ સિસ્ટમ, એક્સપ્રેસ એન્ટ્રીમાં 2026 માં લોન્ચ કરવા માટે સંભવિત નવી શ્રેણીઓ પર વિચારણા કરવામાં આવી રહી છે જેનો ઉપયોગ કયા વિદેશી નાગરિકોને કાયમી નિવાસ માટે અરજી કરવાની તક મળે છે તે નક્કી કરવા માટે થાય છે.

સરકારે પ્રસ્તાવિત નવી શ્રેણીઓ પરના તેના નિર્ણય વિશે વધુ વિગતો ક્યારે શેર કરવામાં આવશે તેની જાહેરાત કરી નથી. જાહેર સલાહ 3 સપ્ટેમ્બર, 2025 સુધી ખુલ્લી છે.

### સંભવિત નવી શ્રેણીઓ

### નેતૃત્વ

IRCC એ વરિષ્ઠ મેનેજરોને કેનેડામાં આકર્ષવા માટે એક નવી શ્રેણી શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

પરામર્શ માટેની પોસ્ટિંગમાં, સરકાર વરિષ્ઠ મેનેજરોને "કંપની અથવા સંસ્થાના સંચાલનનું નિરીક્ષણ કરતા અને કર્મચારીઓની ટીમનું નેતૃત્વ કરતા" તરીકે વ્યાખ્યાયિત કરે છે.

IRCC અનુસાર, આ શ્રેણી રજૂ કરવાથી નવા દ્રષ્ટિકોણ આવી શકે છે, ડિજિટલ પરિવર્તનને વેગ મળી શકે છે, ઉત્પાદકતામાં વધારો થઈ શકે છે અને સંગઠનાત્મક લક્ષ્યોમાં યોગદાન આપી શકાય છે.

વિભાગ સૂચવે છે કે વરિષ્ઠ હોદ્દા પર ઉમેદવારોને આકર્ષવાથી "દેશની સ્પર્ધાત્મકતામાં વધારો થઈ શકે છે અને આર્થિક વિકાસ અને સમૃદ્ધિને આગળ ધપાવી શકાય છે."

### સંશોધન અને નવીનતા

IRCC ચોક્કસ સંશોધકો અને વૈજ્ઞાનિકોની પસંદગીને પ્રાથમિકતા આપવાનું પણ વિચારી રહ્યું છે.

વિભાગ માને છે કે વૈજ્ઞાનિક સંશોધન અને નવીનતા ઉત્પાદકતા અને કામગીરીમાં વધારો કરી શકે છે, અને "આર્થિક વિકાસને ઉત્તેજીત કરી શકે છે."

પરામર્શ દસ્તાવેજમાં સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે કયા પ્રકારના સંશોધકો અને/અથવા વૈજ્ઞાનિકોને પ્રાથમિકતા આપવામાં આવશે.

### રાષ્ટ્રીય સુરક્ષા અને સંરક્ષણ

IRCC સાથી દેશોમાંથી ઉચ્ચ કુશળ લશ્કરી ભરતીઓની પસંદગીને પ્રાથમિકતા આપીને કેનેડિયન સશસ્ત્ર દળોને ટેકો આપવાનું પણ વિચારી રહ્યું છે.

**ANB Immigration Services , Toronto , Canada 905 230 4737**



# કેલગરી માં આનંદનો ગરબો યોજાયો

મા બહુચર માં આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાથી મનના મનોરથ પૂર્ણ થાય છે. પવિત્ર શ્રાવણ માસમાં ઘનશ્યામ પટેલ (ખુશ) અને કુંતલ પટેલના પરિવાર તરફથી કેલગરીમાં તેમના નિવાસસ્થાને મા બહુચરના આનંદના ગરબાનું આયોજન થયું. સૌ વયસ્ક બહેનો દેવીબેન પટેલ, હેમાબેન પટેલ, પ્રભાબેન, નિરંજનાબેન, નિમિષાબેન, કોકીલાબેન, મીનાબેન વગેરેએ ભક્તિસભર આનંદ સહિત મા બહુચરના આનંદના ગરબાનું ગાન કર્યુ. સૌએ ભક્તિરસમાં લીન થઈ કર્ણપ્રિય અવાજમાં સ્તુતિ અને ગરબાનું ગાન કર્યુ. ઘનશ્યામ પટેલે પ્રારંભમાં સૌનું હાર્દિક સ્વાગત કર્યુ અને તેઓના સમય દાન માટે સૌનો આભાર માણ્યો. અંતે સૌ એ ખૂબ જ સરસ સ્વાદિષ્ટ ભોજન લઈ વિદાય લીધી.





# "ભીંડા" ડાયાબિટીઝ, અસ્થમા, સ્કિન ગ્લો, ઘૂંટણના દુખાવામાં અક્સિર

**લેખક - દીનાબેન ગોપાણી - કેનેડા**

આવો જાણીએ તેના ફાયદા વિશે.

ભીંડા (lady finger) સ્વાદિષ્ટ હોવાની સાથે સાથે તેમા આરોગ્ય (Health) સાથે સંબંધિત પણ ઘણાં તથ્યો છૂપાયેલા છે. ભીંડામાં પ્રોટીન, ફાયબર, કેલ્શિયમ, કાર્બોહાઈડ્રેટ, પોટેશિયમ, ફોસ્ફરસ વગેરે તત્વો પ્રચુર માત્રામાં હોય છે.

ભીંડામાં વિટામીન સી ભરપુર માત્રામાં હોય છે. આ ચેહરાને કોમળ અને ગ્લોઈંગ બનાવવામાં સહાયક છે. તેનાથી ચેહરા પર થનારા ખીલ પણ દૂર થાય છે. ભીંડા ફેફસામાં સોજો અને ગળામાં ખરાશથી રાહત અપાવવામાં પણ મદદરૂપ છે.

ભીંડામાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર હોય છે જે બ્લડ શુગરને કંટ્રોલ કરે છે તેથી આ ડાયાબિટીઝના રોગીઓ માટે ખૂબ લાભકારી છે. જો તમારા ઘૂંટણમાં દુઃખાવો રહે છે તો ભીંડા ખાવ. ભીંડામાં કેલ્શિયમ હોય છે જે હાડકાને મજબૂત બનાવે છે અને સાંધાના દુઃખાવામાં રાહત પહોંચાડે છે. તેમા રહેલ ચિકણો પદાર્થ પણ આપણા હાડકા માટે ખૂબ સારો હોય છે. ભીંડામાં વિટામીન સી જોવા મળે છે. જે અસ્થમાના લક્ષણને પાંગરતા રોકે છે. આ અસ્થમાના રોગીઓ માટે ખૂબ જ ફાયદાકારી છે. જે લોકોની આંખો નબળી છે. તેમને ભીંડા ખાવાથી ખૂબ ફાયદો થાય છે. તેમા જોવા મળતા વિટામીન એ આંખો માટે ખૂબ જ લાભકરી હોય છે. તેનાથી આંખોની રોશની વધે છે. જો તમારા વાળ ડ્રાય અને નિસ્તેજ છે તો ભીંડા તમારા માટે ફાયદાકારી છે વાળને ચમકદાર બનાવવા માટે ભીંડાને ઉકાળો જ્યારે તે એકદમ પાતળા થઈ જાય ત્યારે તેમા લીંબુ નીચોવી વાળમાં લગાવો. આનાથી વાળની કંડીશનિંગ થઈ જશે અને વાળ સિલ્કી તેમજ સ્મૂથ બની જશે.



# ગુજરાતી વયસ્ક નાગરિકોએ શિવ પૂજા કરી

પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન શિવજીની પૂજા, સ્તુતિ વગેરે કરવાનું ખૂબ મહત્ત્વ છે. પૂજા પદ્ધતિમાં શરીર, મન અને વાણીનો ઉપયોગ થતો હોય છે. વયસ્ક નાગરિકો પણ વૈદિક પદ્ધતિથી રુદ્રાભિષેક, ષોડશોપચાર પૂજા તેમજ શિવ પૂજાનો લાભ લઈ શકે તે હેતુસર, અવર ઓન ગુજરાતી સિનિયર સિટીઝન ફ્રેન્ડ્સ સર્કલ કેનેડા દ્વારા કેલગરીથી ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું.

શરૂઆતમાં ગૃપસ્થાપક ઘનશ્યામ પટેલે ઉપસ્થિત સૌનું તેમજ પૂજા કરાવનાર શ્રીમતી શિલ્પાબેન પંચાલ નું શબ્દ પુષ્પથી સ્વાગત કર્યું. શ્રી આર કે સોની પત્રકાર આણંદે શિલ્પાબેન નો વિગતે પરિચય આપ્યો. આનંદ આશ્રમ ડાકોર રોડ, નડીઆદના સ્વામી મુદીતવદનાનંદ સરસ્વતી એ ભારતીય સંસ્કૃતિ અને વૈદિક પરંપરાનો ઉલ્લેખ કરી આશીર્વચન આપ્યા.

આ શિવ પૂજા અને પૂજા વિધિ આ વિષયના નિષ્ણાંત શિલ્પાબેને 16 ઉપચાર સાથે ભાવપૂર્વક, મંત્રોચ્ચાર સહિત, વિધિપૂર્વક શિવજીની પૂજા કરાવી. શ્રાવણ માસના છેલ્લા સોમવારે યોજીત આ પૂજાનો લાભ લઈ સૌ ધન્ય થઈ ગયા.

શ્રી આર.કે સોની, રેખાબેન સોની, બાબુભાઈ ચૌધરી વગેરેએ સરસ પ્રતિભાવ આપ્યા. ઘનશ્યામ પટેલ અને સુરેશભાઈ ડી સોની એ સરસ પ્રતિભાવ સાથે સૌના સમયદાન માટે આભારની લાગણી વ્યક્ત કરી.


ELITE
PRINT & DIGITAL MARKETING
Elite Digital Marketing
Lowest Price
- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting
Let's Be popular
facebook Link
Chat
Let's Start!
Parth Patel
647 655 5029
Find on Google



ROYAL LEPAGE
Flower City Realty
BROKERAGE, INDEPENDENTLY OWNED & OPERATED
REAL ESTATE
MANISH PATEL
HELPING YOU IS WHAT WE DO
Specialized in Pre-Construction & Assignment Sales
SALES REPRESENTATIVE
Cell : 416 - 992 - 0214
Email : realtormanishg@gmail.com
www.FlowerCityRealty.com
BRAMPTON 10 Cottrelle Blvd, Suite 302, L6S 0E2
MISSISAUGA 30 Topglight Dr. Suite 12, L5S 0A8

# અબોલ જીવસેવાનો તલસાટ



હસમુખ બી. પટેલ
'હર્ષ'-'પરખ'
અમદાવાદ-નારદીપુર

પૃથ્વી પર જીવનું અવતરણ થાય ત્યારથી એની ઝંખના શરુ થાય. બાળક નાનું હોય ત્યારે એને બધું જ નવું લાગતું હોય. માતાનો સ્પર્શ, માતાની અમી નજર, આમતેમ પડેલ વસ્તુઓ, અવાજ કે સંગીત ઉત્પન્ન કરતાં રમકડાં. એ જ્યાં જુએ, જેટલું જુએ એને બધામાં કંઈક નવું, કંઈક જુદું દેખાય. માનવજીવના જેવું જ અબોલ પંખી ને પ્રાણીઓના બચ્ચાઓમાં. રહેવાની ચોકક્સ જગા કે ઘર ના હોય, માતા જ્યાં જગા શોધે ત્યાં રહેવાનું, આજુબાજુ જોવાનું, બધી જગાએ સુગંધ લેવાની, આવતા જતા વ્યક્તિઓને જોવાના. પોતાના અસ્તિત્વ ને સલામતી માટે સતત જિજ્ઞાસા રાખવી જ પડે અને આ જ પ્રારંભિક સોપાન છે તલસાટનું.

જેમ ઉંમર વધતી જાય એમ આપોઆપ રોજબરોજ જાતજાતની ઘટનાઓ, પ્રસંગોમાંથી પસાર થવું પડે. પ્રાથમિક અભ્યાસ એ કુતૂહલની જન્મદાત્રી કહી શકાય. નવા સહાધ્યાયીઓ, નવા નવા વિષયો, ભણવાની નવી રીતરસમો અને નીત નાવિન્યપૂર્ણ હરિફાઈઓ જેવી અનુભૂતિ સતત આતુર રાખે છે. શીખવા માટે, જોવા જાણવા માટે, સતત અગ્રેસર રહેવા માટે તલસાટ હકારાત્મક દિશામાં હોય એ સફળતા માટેનું પ્રેરક પ્રમાણ બને છે. તલસાટથી જિજીવિષાનો માર્ગ સમજવા જેવો છે. નાનપણમાંથી મનમાં ધરબાયેલો તલસાટ જો સાચી દિશા અને સમજદાર ચિંતકોના સહવાસમાં ઘેઘૂર વડલા જેવો બને તો વ્યકિતને ઊર્ધ્વગમન કરાવે છે. એથી વિપરીત જો તાલાવેલી અન્યો કે સમાજના અહિત માટે આંટાફેરા કરતી રહે તો એ પતનનો માર્ગ બને છે.

વિકાસ ને વિજ્ઞાનના વધતા વ્યાપ સાથે ફરજિયાતપણે બધું શીખવું અનિવાર્ય થઈ પડે છે. છેક હમણાં સુધી મોબાઈલ, સોશિયલ મીડિયા, આઈ.ટી., ડીજીટલ યુગ, સતત નવી શોધખોળ અને એના રોજબરોજના વ્યવહારમાં ઉપયોગ નહોતા. સમસ્ત સમાજ એકધારી અને એક જ પધ્ધતિ કે રીતરસમ પ્રમાણે રહેતા, જીવતા, નોકરી ધંધા કરતા. ઓછામાં ઓછા બદલાવ થતા હતા. દા.ત. દાયકાઓ સુધી બે પૈડાવાળા સાધન એટલે બજાજ સુપર ને બજાજ પ્રિયા, પેન્ટ એટલે રેમંડ કે વિમલ, સાડી એટલે ઓરકે કે ગાર્ડન, અખબાર એટલે ગુજરાત સમાચાર કે સંદેશ કે જનસત્તા, ટૂથપેસ્ટ એટલે કોલગેટ કે બિનાકા... આ પરિસ્થિતિના કારણે નવું જોવા/જાણવા/શીખવા/શોધવા પર મહદંશે એક સ્વીકાર્ય પ્રતિબંધ હતો. છતાં એ સમયગાળામાં પણ રોજબરોજના અઢળક વ્યવહારો ને આવનજાવનમાં જાણે અજાણે તલસાટ ડોકીયાં કરી લેતો. આદિમાનવની સંસ્કૃતિ સમયથી માણસના શ્વાસની સાથે તલસાટ અડીખમ ઊભો રહ્યો છે. જો એવું ના હોત તો એક પણ સંશોધન જ ના થયું હોત. વિજ્ઞાન ને આવિષ્કારનો પાયો તલસાટ જ છે.

ત્રેતા ને દ્વાપર યુગનો સાંગોપાંગ અભ્યાસ કરવામાં આવે તો તલસાટના કેટલા જબરદસ્ત આવિર્ભાવ જોવા મળે છેઃ રામરાજ્ય બનાવવું/રાખવું/જાળવવું, પત્નીના સાનિધ્યનો વિરહ, ભાઈનો વિરહ ને રાજ્યનો કારભાર, પિતરાઈ ભાઈઓના સતત કાવાદાવા, રણભૂમિમાં પોતીકાંઓનેજોઈનેશૂન્યમનસ્ક થઈ જવું ને એમાંથી વિશ્વની દોરવણી માટે ભગવાન શ્રી કૃષ્ણ મુખે ગીતા'નું સર્જન... આ બધા જ તલસાટ હતા. આજના સમયમાં પ્રેમીપાત્ર સાથે ના હોય તો સાનિધ્યનો તલસાટ, સતત વિજયી બનીને વિજયપતાકા જાળવી રાખવાનો તલસાટ, જેમને ખુશી આપવી હોય એમને ખુશ ના રાખી શકવાનો દર્દનાક તલસાટ, દેશ માટે બલિદાનનો તલસાટ, અબોલ જીવસેવા માટે જાતને ભૂલીને સતત સેવામાં લાગેલા રહેવાનો તલસાટ...

ટૂકમાં, તલસાટ એટલે જન્મથી મૃત્યુ સુધીનો એક અવિરત પ્રવાહ. જેમ શ્વાસ વગર જીવવું શક્ય નથી એવું જ તલસાટ માટે છે. તલસાટ જાણેઅજાણે આપણા અસ્તિત્વનું એક અંગ બની ગયેલ છે. શ્વાસની જેમ માણસના અંત સમયે પણ કોઈક ના કોઈક તલસાટ માનવીના મનમાં રહી જતો જ હોય છે અને દરેક વ્યક્તિ એક અધૂરપ, એક વલવલાટ સાથે, એક તલસાટ સાથે મૃત્યુ પામતી હોય છે.

અંતના તબક્કે નાનકડો આરંભ તલસાટના સંભવિત અસંભવિત ભેદભરમ માટે...

જીવનની આ ડગર,
નથી કોઈને ખબર.
શું જુએ છે નયન,
ને શું ઝંખે છે મન.
શાની છે આ અસર,
જોઈ રહ્યા ટગર ટગર.
સમજવું છે બધું,
શીખવું છે બધું.
કેટલું છે કૌતુક,
ટક ટક તાલાવેલી.
તરફડતો તલવલાટ,
આ જ છે તલસાટ.
ચાલે છે સડસડાટ,
ફેલાવે ગભરાટ.
અંતે લાવે સારાવાટ,
આ જ છે તલસાટ.

આજનો તલસાટ માનવજીવનની સાથે સાથે અબોલ જીવો પ્રત્યે કરુણા, દયા, લાગણી, પ્રેમ, સ્નેહ, સુરક્ષા તથા સેવાની સરવાણી વહેતી રાખવાનો છે. અબોલ જીવ દ્વારા ક્યારેક થતા નુકસાનના સમાચાર આજનું મીડિયા વારંવાર રજૂ કરે છે પણ આ જ અબોલ જીવો જુદા જુદા તબક્કે માણસના જીવનને સુરક્ષિત કરે છે, બાળકોને સાચવે છે/બચાવે છે એ સમાચાર મીડિયામાં આવતા જ નથી.

સનાતન સંસ્કૃતિમાં પ્રત્યેક દેવી દેવતાના વાહન જુદા જુદા પંખી / પ્રાણી / પશુ છે અને આ સાયુજ્ય માણસને અબોલ જીવો પ્રત્યે સતત દયા અને કરુણા રાખવા માટે જાગૃત રાખે છે. કોઈ પણ કારણોસર વર્તમાન સમયે દિલ્હીમાં શેરી શ્વાનોને હટાવીને કોઈ એક આશ્રયસ્થાન પર રાખવામાં આવે એવો મનઘડંત ને અધૂરો હુકમ કરનાર ન્યાયમૂર્તિઓના મનમાં અબોલ કરુણાનો ઉદય થાય અને આપણે સૌ ફરી એકવાર પેઢી દર પેઢીથી સાથે રહેતા અબોલ જીવો સાથે રહીને માનવધર્મ નિભાવી શકીએ એવી હકારાત્મક પરિસ્થિતિ ઉદભવે એવી પ્રાર્થના કરીએ. માનવ ને અબોલ જીવોના સાયુજ્યનો તલસાટ સૌને પ્રેમતરબોળ કરીને સતત રક્ષાકવચનું નિર્માણ કરે એની પરમકૃપાળુ પરમાત્મા પ્રાર્થના.

સતત દોડધામ વાળી જિંદગીમાં થોડોક સમય સાત્વિક તલસાટની 'પરખ' કરવાનો છે. ધર્મ થકી સનાતની માર્ગ પર કર્મનું બીજ રોપતાં રહીશું તો અનિવાર્ય રીતે આપણો તલસાટ વિજયી 'હર્ષ' મેળવવાનો જ છે. આજે તો બસ આટલો જ તલસાટ. હું પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું કે આ ચિંતન ચાબખાનાં એકેએક વાચકના જીવનમાં અંત સમયે એક પણ અધૂરપ કે વેદનાનો તલસાટ ના રહી જાય એટલા આશીર્વાદ ચોક્કસ વરસાવજે. આપણે મૃત્યુ લગી અબોલ જીવસેવા કરીને આપણું કર્મ કરતા રહીએ એ અભ્યર્થના.

કેનેડાનાસુપ્રસિદ્ધઅઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે આપણે લાગતાવળગતા સૌ શુભેચ્છકો/ સંબંધીઓ/ મિત્રો/ સ્નેહીઓ/ સાહિત્યકારોને અબોલ જીવસેવા અને અબોલ સુરક્ષા માટે વિનમ્ર વિનંતી કરીએ.






HOMELIFE
HIGHER STANDARDS®

HomeLife/Miracle Realty Ltd.

Brokerage, Independently Owned & Operated

SANJU PATEL
Broker



DIRECT 647-721-0491
OFFICE 905-454-4000
FAX 905-463-0811

REALTOR®
MLS MULTIPLE LISTING SERVICE®

Email realtorsanju@gmail.com
Web www.shivbijhomes.com

# ગુજરાતી કેથોલિક સમાજ દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી

ટોરોન્ટોમાં વસતા ગુજરાતી કેથોલિક ક્રિશ્ચિયન સમાજનું સંગઠન 'ગુજરાતી કેથોલિક પરિવાર ઑફ કેનેડા'(GCPC) છેલ્લા લગભગ પંદરેક વર્ષોથી GTAમાં કાર્યરત છે અને ધાર્મિક તથા રાષ્ટ્રીય તહેવારોની ઉત્સાહપૂર્વક ઉજવણી કરતું આવ્યું છે.

તારીખ ૧૬ ઓગસ્ટ, શનિવારના રોજ આવા એક કાર્યક્રમમાં ભારતના ૭૯મા સ્વતંત્રતા દિવસની ધામધૂમપૂર્વક વિવિધ પ્રવૃત્તિઓ સાથે ગ્રીનબ્રાયર રીક્રીએશન સેન્ટર, બ્રામ્પ્ટન ખાતે ઉજવણી કરવામાં આવી હતી.

ધ્વજવંદનના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઓન્ટારીઓ સરકારના મિનિસ્ટર ઑફ મલ્ટીકલ્ચરાલીઝમ એન્ડ સીટીઝનશીપ શ્રી ગ્રેહામ મેકગ્રેગર હાજર રહ્યા હતા. અન્ય આમંત્રિત મહેમાનોમાં કોન્ઝર્વેટિવ પાર્ટી ઑફ કેનેડાના ફેડરલ ઈલેક્શન માટેના પ્રથમ ગુજરાતી ઉમેદવાર અને સામાજીક અગ્રણી શ્રી ડોન પટેલ, ઓન્ટારીઓ સરકાર દ્વારા નામિત 'ઓન્ટારીઓ કોલેજ ઑફ ઓક્યુપેશનલ થેરાપીસ્ટ્સ'ના પબ્લિક ડાયરેક્ટ શ્રી પથિક શુક્લા અને કેનેડાની નેશનલ ક્રિકેટ ટીમના કેપ્ટન શ્રી સાદ બીન ઝફર પણ હાજર રહ્યા હતા. ભારતથી કેનેડાની ટૂંકી મુલાકાતે આવેલા ગુજરાત ડાયોસીસના વીકાર જનરલ ફાધર ટેલેક્સ ફર્નાન્ડીસે પણ કાર્યક્રમમાં હાજરી પુરાવીને ધ્વજારોહણ કર્યું હતું. ધ્વજ ફરકાવ્યા પછી રાષ્ટ્રીય ગીત 'જન...ગણ...મન' અને 'વંદે માતરમ્'ના નારાથી ખુલ્લા આકાશ નીચે દેશભક્તિનો એક અનુઠો માહોલ સર્જાયો હતો.

ધ્વજારોહણ પછી સર્જના મેકવાને આમંત્રિત મહેમાનો નો પરિચય કરાવ્યો હતો.

ધ્વજવંદન પછી શ્રી ગ્રેહામે પોતાના વક્તવ્યની શરૂઆત ગુજરાતીમાં 'કેમ છો' બોલીને કરી હતી. શ્રી ગ્રેહામે શાંતિ, સદભાવના અને સન્માન ઉપર ભાર મૂકીને એક સાચા કેનેડિયન નાગરિક તરીકે એકબીજાના ધર્મ અને સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ રાખવાની વાત કરી હતી. શ્રી ડોન પટેલે ભારતીય






અને ખાસ તો ગુજરાતી તરીકે સંગઠનાત્મક રીતે સમાજની પ્રગતિ વિશે જણાવ્યું હતું જ્યારે શ્રી પથિક શુક્લાએ પ્રભુ ઈસુએ આપેલા શાંતિ, પ્રેમ અને કરુણાના સંદેશના ફેલાવવા ઉપર ભાર મૂક્યો હતો.

સમાજના સિનિયર સિટિઝન્સ દ્વારા મિનિસ્ટર શ્રી ગ્રેહામનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન ગ્રેહામને વિલેક્સ અને જીમીના હસ્તે મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો. શ્રી ડોન પટેલ અને શ્રી પથિક શુક્લાને પણ કેરન અને વત્સલ ક્રિષ્ટી દ્વારા મોમેન્ટો અર્પણ કરાયો હતો. પ્રકાશ મેકવાન દ્વારા સંગઠનનો પરિચય મહેમાનોને કરાવવામાં આવ્યો હતો. આમંત્રિત મહેમાનોનાનો આભાર વ્યક્ત કરવા માટે ચંદ્રવદન મેકવાન દ્વારા






આભાર વિધિ કરાઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અયાના મેકવાન દ્વારા કરવામાં આવ્યું હતું.

ધ્વજ વંદનના કાર્યક્રમ પછી ક્રિકેટ ટુર્નામેન્ટ અને રમત ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિફોર્મ સાથે લીગ પદ્ધતિથી ચાર ટીમો વચ્ચે લિમિટેડ ઓવરની મેચનું આયોજન કરાયું હતું જેમાં યુવાનોએ ઘણા ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. મેચના અંતે કેનેડા ક્રિકેટ ટીમના કેપ્ટન સદર બીન ઝફરના હસ્તે ટ્રોફી વિતરણ કરાયું હતું. બાળકો માટે પણ રંગપૂરણી સ્પર્ધા અને અન્ય રમતોનું આયોજન કરાયું હતું. સિનિયર સિટીઝન્સે પણ સંગીત ખુરસી અને અન્ય મનોરંજક રમતો રમીને આનંદ માણ્યો હતો.

થોડા ગરમ પણ પૂર્ણ પ્રકાશિત દિવસ દરમિયાન દેશભક્તિ સાથે આનંદ પ્રમોદના પિકનિક જેવા માહોલમાં આબાલ વૃદ્ધ સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ૧૫ મી ઑગસ્ટની સ્કારબોરો ટોરોન્ટોમાં ભવ્ય ઉજવણી










શ્રી હનુમાન ટેકરી સિનિયર્સ ગ્રુપ સ્કારબોરોમાં ૭૯મા સ્વાતંત્ર દિનનું વડીલ શ્રી જયંતીભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ (ગ્રુપના પ્રમુખ), વનરાજ બોડાણા અને સર્વે સિનિયર્સના સહકારથી સફળ આયોજન કરાયું હતું. આ પ્રસંગે ૪૦૦ જેટલા ભારત પ્રેમી દેશભક્તો હાજર રહ્યા હતા. ભાવેશભાઈ પટેલ અને ઈશ્વરભાઈ પટેલ દ્વારા ધ્વજવંદન કરાયું હતું.

આ પ્રસંગે એન્ડ્રીયા હેઝલ (એમ.પી.પી), ડૉ.રેડ્ડી, ઝાકિર પટેલ, અશ્વનિ ભારદ્વાજ,

**અહેવાલ લેખન :- જયેન્દ્ર નાયક**
**ફોટો ગ્રાફી:વનરાજસિંહ બોડાણા**

ચંદુભાઈ, ઈશ્વરભાઈ પારેખ, દેસાઈભાઈ, ભગવત પ્રસાદ, અરુણભાઈ મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. નારી શક્તિ તરફથી ધર્મિષ્ઠાબેન, પૂર્ણિમાબેન, ચિંતનબેન ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં શ્રી હનુમાન ચાલીસાનો સમૂહમાં પાઠ કરાયો હતો. જાણીતા સંગીતકાર શ્રીજયેન્દ્ર ભાઈ નાયકે દેશભક્તિના ગીતોની રમઝટ બોલાવી હતી. વિશાળ જનમેદની દેશભક્તિના રંગ માં રંગાઇ ગઈ હતી. સુશીલાબેન ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ દેશભક્તિના ગીત પર નૃત્ય રજૂ કર્યાહતા. શ્રી રમણભાઈ પટેલનું સફળ સંચાલન રહ્યું હતું. કાર્યક્રમમાં નમસ્તે સ્ટોર, મિર્ચ મસાલા સ્ટોર્સનો આર્થિક સહકાર સાંપડ્યો હતો. રાષ્ટ્રીય સમારંભના અંતે અલ્પાહારમાં ફરાળી ચેવડો, વેફર્સ અને આઈસ્ક્રીમની લિજ્જત માણીને સૌએ વિદાય લીધી હતી.


Physiotherapy • Osteopath
Massage Therapy
Acupuncture • Orthotics
Chiropractor • Chiropody
Compression Stocking
✓ MVA ✓ WSIB
Tel: 416-551-8466 I Fax: 416-551-9964
albionfinchphysio@gmail.com
1620 Albion Rd., Unit 305, Etobicoke, ON M9V 4B4
albion finch
PHYSIO & REHAB


Ankur Shah
REAL ESTATE BROKER
647.866.4400
www.realtorankur.com
RealtorAnkur@gmail.com

# એક અલૌકિક "શક્તિ " -Energy થકી બહ્માડ મંડળની રચના થઈ આ મહા શક્તિ (universal energy) ની ઓળખ અને નામ "રેકી"

એક અલૌકિક "શક્તિ " -Energy થકી બહ્માડ મંડળની રચના થઈ. આ મહા શક્તિ (universal energy) ની ઓળખ અને નામ "રેકી", ડૉ. મિકાઓ ઉસુઈ એ આપ્યું. એનું ગુઢ રહસ્ય શું છે તે આપણે જાણીએ.

(આજે આપણી આઝાદીના દિને, 15 ઓગષ્ટનાં, આ સોધકનો પણ જન્મ દિવસ છે.... તેથી આ લેખ પ્રાસંગિક છે.)

આ "શક્તિ" શું છે તે વિષે વાત કરીએ...

બ્રહ્માંડમાં અસંખ્ય galaxies છે અને દરેક Galaxyમાં અસંખ્ય સૂર્યો (SUN)- (planatery system) છે અને કહેવાય છે કે, બ્રહ્માંડમાંના અસંખ્ય સૂર્ય મંડળોમાં ઓછામાં ઓછા 50,000 સૂર્ય મંડળમાં જીવનની શક્યતા છે. (જેનું સંશોધન ચાલી રહ્યું છે.) આપણું સૂર્ય મંડળ જે GALAXYમાં છે તેનું નામ "MILKY-WAVES" (મિલ્કી વેવ) છે.

આ milky wavesમાં આશરે 300 થી વધારે સૂર્ય મંડળો છે. તેમાં આપણા સૂર્ય મંડળમાં, સૂર્ય અને 9 PLENATES (ગ્રહો) છે.

સૂર્ય ની નજીક થી દૂરના ગ્રહોનાં નામ આ મુજબ છે.

1. SUN
2. MERCURY (smallest planet)
3. VENOUS
4. EARTH
5. MARS
6. JUPITER
7. SATURN
8. URENUS
9. NEPTUNE
10. (PLUTO - ને હાલમાં ગ્રહ ગણવામાં આવતો નથી.)

અને આ દરેક PLANATE પોતાની ધરી પર ROTATE (ફરે ) થાય છે, અનંત કાળ થી ! અને દરેક ગ્રહ સૂર્યને કેન્દ્રમાં રાખી ને સૂર્યની અચડ પરિક્રમા કરે છે !

White light Theory :

લેખકઃ અતુલ જાની
(સાલુબ્રિયસ રેકી સેન્ટર)
ભુજ / કેનેડા
(મો. +91-9879072684)




સૂર્યનો સફેદ પ્રકાશ (જે અસંખ્ય કિરણો થી ભરપુર છે).... જે આ નવ ગ્રહો પર ફેલાય છે. આપણી પૃથ્વી પર આવતો સફેદ પ્રકાશ (white-light) આપણા અદ્ભુત વાતાવરણમાં FILTER થઈ LIFE-LIGHT (જીવન પ્રકાશ)માં રૂપાંતરિત થાય છે. આ સૂર્ય પ્રકાશ થી જ પૃથ્વી પર હવા - પાણી - ખોરાક અને અગ્નિ. નિર્મિત થયા. જે જીવ સૃષ્ટિ ના મુખ્ય ઘટકો છે.

આ ઘટકો થકી જીવન સંચાલન એક ત્રિગુણ શક્તિ (રેકી) દ્વારા થાય છે.

આ ત્રિગુણ પ્રક્તી છે: "રજસ", "તમસ" અને "સત્વ". ગીતામાં અર્જુનને આ વિષે જ્ઞાન શ્રી કૃષ્ણ એ આપેલ. જે મનોવૈજ્ઞાનિક સત્ય છે. આપણે જાણીએ છીએ કે આકાર એક રેખા (line) થી કે બે રેખાથી ન બને. ત્રણ રેખાથીજ આકાર ઘટિત થાય.

વૈજ્ઞાનિક યુગમાં આનું પ્રમાણ એ છે કે જીવનનું અંતિમ ઘટક પરમાણુ છે અને આ પરમાણુની રચના ત્રણ ઘટકોથી રચાયેલું છે.... પ્રોટોન, ઈલેક્ટ્રોન અને ન્યુટ્રોન. આ એજ રજસ, તમસ અને સત્વ છે. આને જો કાવ્યાત્મક ભાષામાં કહીએ તો એ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે.

નામ કોઈ પણ આપો પણ કાર્ય તો આ ત્રણ શક્તિ દ્વારા જ નિર્મિત છે. માનવનાં જીવનની અંદર- બહાર બનતી દરેક ઘટનાઓ આ ત્રણ શક્તિનો ખેલ છે, જેમ કે, સુખ દુઃખ, જન્મ મ્રુત્યુ આજુ બાજુ વિશ્વમાં બનતી ઘટનાઓ આ ત્રણ શક્તિને આધારીત છે.

આ ત્રણ શક્તિ, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને એક નામ આપ્યું ડૉ. મિકાઉ ઉસૂઈ એ "રેકી".

આ રેકી શક્તિની સમજ આપનાર ડૉ. ઉસુઈની જન્મ જયંતિ સાથે મહાન ભારત દેશને આઝાદી દિને લાખ લાખ વંદન.

-----------------------

(નોંધઃ ગુનાહિત કૃત્યોમાં, મીડિયા દ્વારા જે રેકીનો ઉલ્લેખ કરે છે તે ઉપર જણાવેલ રેકી નથી. ડિફેન્સ યુનિટમાં RAAKI- "રાકી" (-રેકી) શબ્દ ઉચ્ચારાય છે તેનો અર્થ થાય ગુનાહિત કૃત્યની -જાસૂસી કરવી. મતલબ અરાજકતા કે ગુનો કરવા માટે કરાતી જાસૂસી ને "રાકી" ઉર્ફ "રેકી" બોલાય છે.



"Honest Deals. Real Results."

Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey

Jignesh Patel
REAL ESTATE BROKER



Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!

- Personalized Guidance for Buyer & Sellers
- More Than 5+ Years of Experience
- Transparent Service
- Check Reviews on Google & Instagram and Lets get Started!!

Let's Get Started
647-381-1492

realtor@jignesh.ca

5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca

HOMELIFE
HIGHER STANDARDS

HomeLife/Miracle
Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# દરેક વસ્તુની નકલ કરી શકાય છે, પરંતુ ચારિત્ર્ય, જ્ઞાન અને સંસ્કારની નહિ

લેખક - શ્રી ભરતભાઈ ભાનુશાલી
વિસનગર - ગુજરાત

દરેક વસ્તુની નકલ કરી શકાય છે, પરંતુ ચારિત્ર્ય, જ્ઞાન અને સંસ્કારની નહિ

માનવજીવન એક અદ્‌ભુત યાત્રા છે.

આ યાત્રામાં માણસ અનેક વસ્તુઓ શીખે છે.

સમય સાથે તે નવું કમાય છે, બનાવે છે અને સંભાળે છે.

દુનિયામાં એવી કોઈ વસ્તુ નથી જેની નકલ ન કરી શકાય.

લોકો કપડાંની નકલ કરે છે.

ઘડિયાળ, મોબાઈલ, કાર કે ઘર સુધીની નકલ ઉપલબ્ધ છે.

બજારમાં બ્રાન્ડેડ વસ્તુઓની નકલ તરત મળી જાય છે.

બહારનું દેખાવ, શૈલી અને વસ્તુઓની

ડિઝાઈન સહેલાઈથી કોપી થઈ શકે છે.

પરંતુ, જીવનમાં ત્રણ એવી મૂલ્યવાન બાબતો છે જેની ક્યારેય નકલ શક્ય નથી.

આ ત્રણ બાબતો છે - ચારિત્ર્ય, જ્ઞાન અને સંસ્કાર.

આ ત્રણેય માનવજીવનનું સાચું સૌંદર્ય છે.

અને આ જ માનવીને અન્યો કરતાં અલગ બનાવે છે.

ચારિત્ર્ય એટલે માનવીનો સારો સ્વભાવ.

તેની પ્રામાણિકતા, સત્યનિષ્ઠા અને નિખાલસતા.

ચારિત્ર્ય માણસને ઊંચું સ્થાન આપે છે.

સંપત્તિ ગુમાવનાર માણસ ફરી કમાઈ શકે છે, પરંતુ ચારિત્ર્ય ગુમાવનાર માણસ ફરી વિશ્વાસ જીતી શકતો નથી.


ચારિત્ર્ય કોઈ દેખાવની વસ્તુ નથી.

તે હૃદયમાં વસેલું છે.

સાચું ચારિત્ર્ય માણસની ભાષામાં, વર્તનમાં અને નિર્ણયો માં ઝલકતું હોય છે.

કોઈની નકલથી એ પ્રાપ્ત થતું નથી, તે પોતે બનાવવું પડે છે.





જ્ઞાન બીજી અમૂલ્ય સંપત્તિ છે.

પુસ્તકોની નકલ થઈ શકે છે, પરંતુ તેમાં રહેલું જ્ઞાન કોપી કરી શકાય તેમ નથી.

જ્ઞાન માટે મહેનત કરવી પડે છે.

વાંચવું, સમજવું અને અનુભવથી શીખવું પડે છે.

વિશ્વમાં મોટાભાગના આવિષ્કાર જ્ઞાનના કારણે શક્ય થયા છે.

જ્ઞાન માણસને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે.

પૈસા કે પદથી નહિ પરંતુ જ્ઞાનથી માણસ સાચા અર્થમાં મહાન બને છે.

જ્ઞાનની નકલ નથી થઈ શકતી, કારણ કે તે મનમાં ઉગેલા વિચાર અને સમજણનું પરિણામ છે.

સંસ્કાર માનવીનું ત્રીજું મહત્વનું બળ છે.

માતા-પિતા, ગુરુજનો અને સમાજ મળીને સંસ્કાર આપે છે.

સંસ્કાર માણસને સાચા-ખોટાનો ભેદ શીખવે છે.

તે જીવનને સુગંધિત બનાવે છે.

સંસ્કારથી જ સમાજનું નિર્માણ થાય છે.

જ્યાં સંસ્કાર હોય ત્યાં માનવીયતા રહે છે.

જ્યાં સંસ્કાર હોય ત્યાં પ્રેમ, સન્માન અને એકતા રહે છે.

કોઈપણ સંસ્કારની નકલ કરી શકાતી નથી, કારણ કે તે તો જીવનભરના સંસ્કારોથી જ વિકસે છે.

જીવનમાં ઘણી વસ્તુઓ બહારથી મેળવવી સરળ છે.

પરંતુ અંદરની આ ત્રણ સંપત્તિ મેળવવા માટે મહેનત, સાધના અને નિષ્ઠા જરૂરી છે.

ચારિત્ર્ય, જ્ઞાન અને સંસ્કાર એ જ માણસની સાચી ઓળખ છે.

જો દુનિયાને સુંદર અને શાંતિમય બનાવવી હોય તો આ ત્રણ ગુણોનું સંવર્ધન કરવું જ પડશે.

આ ગુણો જ્યાં હોય ત્યાં સાચું સુખ અને સમૃદ્ધિ મળે છે.

અંતે, વસ્તુઓની નકલથી આપણે કદાચ દુનિયાને છલાવી શકીએ.

પરંતુ, સાચા જીવનનું સૌંદર્ય માત્ર ચારિત્ર્ય, જ્ઞાન અને સંસ્કારમાં જ છુપાયેલું છે.

જે લોકો આ ત્રણેનો સાચો અર્થ સમજે છે, તેઓ જ દુનિયામાં સાચા અર્થમાં મહાન બની શકે છે.






# JTP FINANCIAL SERVICES

Financial Freedom Starts Here

## Mastering Your money

Building Your Wealth Starts With Making the Right Financial Choice

Why Choose Us?



JOYCE TSANG-PATEL
FINANCIAL STRATEGIST
FSRA (LICENSE NO. 24226879)

### Our Key Offerings

- Personal Financial Planning
- Life Insurance
- Disability Insurance
- Critical Illness Coverage
- Group/Business Insurance
- Health & Travel Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Tax-Free Savings Account (TFSA)
- Annuities
- Registered Retirement Income Fund (RRIF)
- Life Income Fund (LIF)
- Investment Strategies
- Wealth Management
- Retirement Planning

JOYCE TSANG-PATEL

Phone Number: 416-845-1323

Website: www.jtpfinancial.ca



# કેનેડામાં વસતા ગુજરાતી વેટરનરી ડૉક્ટરોએ "ભારત માતા તુજે સલામ"ના નારા સાથે સ્વાતંત્ર પર્વ ઉજવીને પિકનિકની મજા માણી

તા ૧૭ ઓગસ્ટ ૨૦૨૫: ગુજરાતમાંથી કેનેડામાં સેટલ થયેલા વેટરનરી ડોક્ટરો દ્વારા NAVGUJના નેજા અન્વયે દર વર્ષે પીકનીકનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે હાર્ટલેક પાર્કના બર્ચવ્યું પોઈન્ટ ઉપર સમગ્ર કેનેડામાંથી વેટરીનરી ડોક્ટરોના ૧૨૦ કુટુંબીજનો એકત્રિત થઈને પિકનિકની ઉજવણી કરી હતી. પિકનિકની શરૂઆતમાં કેનેડા અને ભારતના રાષ્ટ્રધ્વજ લહેરાવ્યા હતા. ત્યારબાદ બાલ મિત્રોની સાથે મધુર સ્વરમાં કેનેડાનું રાષ્ટ્રગીત 'ઓ કેનેડા' ગાયું હતું અને પછી સમૂહમાં ભારતીય તિરંગાને સલામી સાથે રાષ્ટ્રગીત 'જન ગણ મન' ગાયું હતું. 'ઓપરેશન સિંદૂર' માં વીર સૈનિકોએ બતાવેલા શોર્યને બિરદાવીને અને આઝાદીની લડાઈમાં શહિદ થયેલા ક્રાંતિવીરોને અને અત્યારે સરહદની હિફાઝત કરી રહેલા વીર સૈનિકોને યાદ કરીને દેશભક્તિના માહોલ અને 'ભારત માતા તુજે સલામ'ના નારા સાથે પિકનિકની શરૂઆત કરી હતી.

આ પિકનિકમાં ગુજરાતની વેટરનરી કોલેજના પ્રોફેસ્સર્સ ડૉ. મગનલાલ પાંડે તથા ડૉ. મક્કર સાહેબ, બીએ કોલેજ ઓફ એગ્રિકલચરના ડીન શ્રી ડૉ. મહેશભાઈ પટેલ કે જેમને વેટરનરી કોલેજમાં એગ્રોનોમીનું ટીચિંગ કર્યું છે તે પણ સહ કુટુંબ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતથી પધારેલ સિનિયર વેટરીનરીઅન્સ ડો.કિરીટ રાવલ, ડો.બી.પી.પટેલ, ડો.પી.સી.પટેલ, યુ એસ એથી પધારેલ ડો. શૈલેષ પટેલ, ડો.મહેશ પટેલ પધારતા તેમનું સ્વાગત ડૉ. મેરજાએ એમની ખાસ શાયરી 'ફૂલ આપું તમને કે ફોરમ આપું તમને, તમે પધાર્યા પ્રેમથી, આખી મોસમ આપું તમને' બોલીને કર્યું હતું. ત્યારબાદ ડૉ. મેરજાના ભત્રીજા ડૉ. વત્સલ મેરજા ભારતીય આર્મીમાં મેડિકલ ડૉક્ટર તરીકે દેશ અને જવાનોની હિફાજત











કરતા હોઈ સર્વેએ ગૌરવની લાગણી અનુભવી હતી.

ડૉ. જય પખાવાલાને હોસ્પિટલ સ્પેશિયાલિટી મેનહટન એનિમલ મેડિકલ સેન્ટર ખાતે સ્પેશ્યલિસ્ટ બોર્ડ એકઝામ ઉતીર્ણ કરવા બદલ તથા ડો.પાર્થ પટેલ, ડો.તીર્થ પટેલ, ડો.કલ્પેશ પટેલને લાઈસન્સિંગ એકઝામ ઉતીર્ણ કરવા બદલ તથા ડો.અશ્વિન જોશીને ૭૧ વર્ષની ઉંમરે પણ બેઝિક ક્લીનીકલ એકઝામ ઉતીર્ણ કરવા બદલ અભિનંદન આપ્યા હતા. ન્યૂ જનરેશન પાર્થ પટેલ-વિશ્રુતિ તથા અમિત પ્રજાપતિ-આસ્થાના લગ્ન સંપાદિત થયા હોય બધાએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.ત્યાર બાદ નવા આવેલા યુવાન ક્રિસ્ટીઅન શેલેતને સિનિયર ડોક્ટરોના માર્ગદર્શન હેઠળ જ્વલંત કારકિર્દી બનાવવાની પ્રેરણા આપી હતી.

ડૉ. અતુલ પખાવાલાએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે, કેનેડા-અમેરિકા- ગુજરાતમાં પથરાયેલા વેટરનરી કુટુંબોને આમંત્રિત કરીને એકત્રિત કરવાની અને માર્ચમાં જ સાઈટ બુકિંગ કરીને પાર્ક રિઝર્વ કરવાની જહેમત ઉઠાવી હતી. ડૉ. હસમુખ મેરજાએ એમની આગવી શૈલીમાં દેશભક્તિની શાયરીઓ સાથે અભિવાદન કરીને પછી આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરીને તમામ સ્પોન્સરને બિરદાવ્યા હતા.

કુદરતના ખોળે ક્રિકેટ, અંતાક્ષરી, ધૂન ભજન ગરબાની રમઝટની સાથે સાથે રીમઝીમ વરસાદના ઝાપટાએ પિકનિકના આનંદમાં ઉમેરો કર્યો હતો.

પિકનિકમાં સર્વેએ પકોડા, ચાય, કટલેસ, ચાટ પાપડીનો નાસ્તો, તળબુચની મજાને ડિનરમાં ડોઆબાનો કેટરિંગ ટ્રક બોલાવીને ગરમાં ગરમ પંજાબી ફૂડ નો આસ્વાદ માણ્યો હતો. ડૉ. પ્રમોદ દરજીએ બરફના ગોલા બનાવવાનું મશીન ખાસ પિકનિક માટે લાવ્યા હતા જેમાં ડૉ. જનક પટેલે સ્વાદિષ્ટ ગોલા બનાવીને બધાને પીરસ્યા હતા. ડૉ. બરવાલીયા ખાસ છાશ બનાવીને લાવ્યા હતા. હર્ષાબેન મેરજા તથા રેખાબેન પટેલે પૌત્રીજન્મની વધામણીમાં બધાને મથુરાના પેંડા વહેંચ્યા હતા. ડો.વિનોદ પટેલે પ્રમુખ ફોટોગ્રાફી અન્વયે અફલાતૂન ફોટોગ્રાફી કરી હતી જે પૈકીના ફોટો અત્રે પબ્લિશ કરેલ છે.

ડૉ. અતુલ, ડૉ. વિનોદ, ડૉ. જનક, ડૉ. પ્રમોદની ટિમ પોતાનો સમય ફાળવીને પિકનિકને લગતી વિવિધ વસ્તુ ઓ ખરીદી લાવ્યા, ડો. હસમુખ મેરજા મોરબીથી NAV GUJનું બેનર બનાવી લાવ્યાને પિકનિકને સફળ બનાવવા બદલ બધાએ એમના પ્રયત્નોને બિરદાવ્યા હતા. ડો. રુચિ પટેલ તથા રક્ષાબેન મુરબીયા કૈલાશ યાત્રાએ પધારેલ હોય બધાએ તેમને યાદ કરીને શુભેક્ષા સંદેશ પાઠવ્યો હતો અને અંતમાં હોંશે હોંશે ડિનર કરીને પિકનિક માંથી છુટા પડ્યા હતા.

**Abhay Joshi**
(Mortgage Agent Level 2)

AFFINITY MORTGAGE SOLUTIONS INC
DOMINION LENDING CENTRES

# Looking for Mortgage Services?

- 1st & 2nd mortgage
- Home equity loans
- Residential mortgage
- Commercial mortgage
- Refinancing
- and many more



CONTACT US

**CELL** : (647) 409-5848

Lic #M22003707

# જેસલમેરમાં ઊડતા ડાયનાસોરના અવશેષ મળ્યા

## વૈજ્ઞાનિકનો દાવો; કહ્યું- અત્યારે કરોડરજ્જુ દેખાય છે, તેઓ ખોરાકની શોધમાં અહીં આવતા હતા

જેસલમેરના મેઘા ગામ નજીક એક તળાવ પાસે જુરાસિક કાળના ઉડતા ડાયનાસોરના અવશેષો મળી આવ્યા છે. વૈજ્ઞાનિકોનો અંદાજ છે કે હવે સપાટી ઉપર જે દેખાય છે તે જુરાસિક કાળના ડાયનાસોરની કરોડરજ્જુ હોઈ શકે છે. બાકીનો ભાગ જમીનથી 15 થી 20 ફૂટ નીચે છે.

જેસલમેરના વૈજ્ઞાનિક નારાયણ દાસ ઈન્ખૈયા દાવો કરે છે કે જેસલમેરના ઈતિહાસમાં અત્યાર સુધી મળેલું આ સૌથી મોટું હાડપિંજર છે. ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ મુજબ, હજારો વર્ષ પહેલાં જેસલમેર એક દરિયા કિનારો હતો જ્યાં ડાયનાસોર ખોરાકની શોધમાં આવતા હતા. તેથી, તેમના અવશેષો અહીં મળી રહ્યા છે.

હવે ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ ટીમ તપાસ કરશે. આ અવશેષ કેટલું જૂનું છે? તે કયા પ્રાણીનું છે? ત્યારે જ આવા પ્રશ્નોના જવાબો મળશે.

જેસલમેરના વૈજ્ઞાનિક નારાયણ દાસે કહ્યું- બે દિવસ પહેલા 19 ઓગસ્ટના રોજ ગ્રામજનોને અવશેષો મળી આવતા તેઓ ચોંકી ગયા હતા. આ પછી, 20 ઓગસ્ટના રોજ, ફતેહગઢ વહીવટીતંત્રે જેસલમેરના કલેક્ટર પ્રતાપ સિંહને આ અંગે જાણ કરી.



જેસલમેર વહીવટીતંત્રે અમને આ વિશે જાણ કરી. ગુરુવારે, અમે ફતેહગઢ સબડિવિઝન વિસ્તારના મેઘા ગામમાં પહોંચ્યા.

ડો. ઈન્ખૈયાએ કહ્યું- પ્રાથમિક તપાસ બાદ, તે જુરાસિક કાળનું હોવાનો અંદાજ છે. તેનો અર્થ એ કે તે ડાયનાસોર અથવા તેના સમકક્ષ કોઈપણ પ્રાણીનું હાડપિંજર હોઈ શકે છે. જો તે અન્ય કોઈ પ્રાણીના હાડકાં હોત, તો અન્ય માંસાહારી પ્રાણીઓ તેને ખાઈ શક્યા હોત.

આવી સ્થિતિમાં, તે હજારો વર્ષ જૂનું હોવાનો અંદાજ છે. તેનું સંરક્ષણ અને સંશોધન જરૂરી છે. વહીવટીતંત્ર દ્વારા ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ ઓફ ઈન્ડિયાને પત્ર લખવામાં આવશે. આ સાથે, સંશોધકોને પણ આમંત્રણ આપવામાં આવશે જેથી તેઓ તેની તપાસ કરી શકે અને સત્ય કહી શકે.


ડો. ઈન્ખૈયાએ કહ્યું- અવશેષો મળવા સામાન્ય છે. તેની સાથે હાડપિંજર મળી આવ્યા હોવાથી, એવું માનવામાં આવે છે કે આ લાખો વર્ષ જૂના અવશેષો હોઈ શકે છે. આ ઉડતા ડાયનાસોરનું હોઈ શકે છે, જેની લંબાઈ લગભગ 20 ફૂટ કે તેથી વધુ હોઈ શકે છે.



**Dr. Jayendra Nayak**
Singer & Musician
Cell-289 927 4146
WhatsApp- +919427704994
Address- 2558 Winter words drive
Oshawa ON L1L 0S7
Contact for Bhakti Sangeet,
Sundarkand, Jain Puja Bhavna, &
Keyboard, Tabla Singing tuitions.



# VGRC ખાતે પ્રદર્શિત થશે પીએમ મોદીનું ડેરી વિઝન



ગાંધીનગરઃ ગુજરાતના ડેરી ઉદ્યોગનો વિકાસ દેશભરમાં ઉદાહરણીય છે. ખાસ કરીને બનાસકાંઠા, મહેસાણા અને સાબરકાંઠા જેવા જિલ્લાઓમાં ડેરી સહકારી મંડળીઓ તેમની પ્રોસેસિંગ ક્ષમતા અને અદ્યતન સુવિધાઓના કારણે ગુજરાતના કુલ દૂધ ઉત્પાદનમાં સતત વધારો કરી રહ્યા છે. ડેરી ક્ષેત્રમાં આ નોંધનીય પરિવર્તનના કારણે ઉત્તર ગુજરાત ગ્રામીણ આજીવિકા અને વિકાસનું શક્તિશાળી માધ્યમ બન્યું છે.

બનાસ ડેરી (બનાસકાંઠા), દૂધસાગર ડેરી (મહેસાણા) અને સાબર ડેરી (સાબરકાંઠા) જેવી ડેરી સહકારી મંડળીઓ મિલ્ક પ્રોસેસિંગ, કોલ્ડ-ચેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વેલ્યુ-એડેડ ડેરી પ્રોડક્ટ્સની નિકાસમાં વૈશ્વિક સ્તરે અગ્રણી બની છે. ઉત્તર ગુજરાતની આ સહકારી મંડળીઓ ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) હેઠળ કાર્ય કરે છે, જે પ્રખ્યાત બ્રાન્ડ 'અમૂલ' હેઠળ પ્રોડક્ટ્સનું માર્કેટિંગ કરે છે.




# Krishna Janmashtami & Nand Utsav celebrated at Naval & Rashi Bajaj Place in Brampton with this year special message of purity and love - A great quality and Message of Lord Krishna








Krishna Janmashtami & Nand Utsav was celebrated at Rashi and Naval Bajaj's place in Brampton, they are putting up this celebration in Brampton itself in more than decade, and in Canada more than 15 years on every Janmashtami. This year was special as it conceded with year of love and purity. The entire decoration was done with different shades of Pink and white to represent love and purity.

Krishna Janmashtami, also known simply as Janmashtami or Gokulashtami, is an annual Hindu festival that celebrates the birth of Lord Krishna, the eighth avatar of Vishnu. It is observed according to Hindu luni-solar calendar, on the eighth day (Ashtami) of the Krishna Paksha (dark fortnight) in Shraavana of the lunar Hindu Calendar and Krishna Paksha in Bhadrapad of the lunisolar Hindu Calendar, which overlaps with August and September of the Gregorian calendar.

It is an important festival particularly to the Vaishnavism tradition of Hinduism. Particularly those of the Gaudiya Vaishnavism tradition as he is considered the Supreme Personality of Godhead.

Lord Krishna is born in an area of chaos. It's a time when persecution was rampant, freedoms were denied, evil was everywhere, and when there was a threat to his life by his uncle King Kansa. Immediately following the birth at Mathura, his father Vasudeva takes Krishna across Yamuna, to foster parents in Gokul, named Nanda and Yashoda.

Based on History Lord Krishna was born 5255 Years ago in 3228 B.C. in month of Shraavana on Ashtami.

Lord Krishna birth is celebrated as Lord Krishna's showed the path of Dharma, and Dharma wins over Evil deeds, Lord Krishna stated that whenever there will be prominence of evil deeds in this universe, he will reincarnate in various looks and attire to show the path of right and peace to people.

The sole reason of celebrating this festival is bringing people together so that principles of unity strengthens.

Throughout the evening was celebrated by Dance-drama enactments of the life of Krishna according to the Bhagavata Purana (such as Rasa lila or Krishna Lila), devotional singing through the midnight when Lord Krishna was born, fasting (upavasa), a night vigil (ratri jagaran), and a festival (mahotsava) on the following day are a part of the Janmashtami celebrations. Krishna Janmashtami was followed by the festival Nandotsav, which celebrated the occasion by distributing gifts in honour of the birth. Overall celebration included Performances, Ras, Garba, devotional songs, delicious food/Prasad.

There were performances from renowned singer's Ajay Tyagi and team, Sachin Joshi, also entire Sound system and Music was handled by Sachin Joshi, Sachin Joshi in his Melodious voice also singed many Garba's.

Tiny footprints were drawn outside the house doors and kitchen, walking towards the house, a symbolism for Krishna's journey into our home.

The offerings made to Krishna include sweets, fruits, betel and butter. Savories believed to be Krishna's favorites are prepared with great care. On this occasion more than 256 different type of sweets were prepared with great care, 101 type of fruits, 31 types of dry fruits were offered to Lord Krishna and after the celebrations, these sweets are distributed as Prasad.

On Janmasthami, many parents dressed up their children's as characters in the legends of Krishna, such as gopis and as Krishna.

Janmasthami is celebrated throughout the world, especially in entire India, particularly in Mathura and Vrindavan, along with Major Vaishnava and non-sectarian communities found in Manipur, Assam, Bihar, West Bengal, Odisha, Madhya Pradesh, Rajasthan, Gujarat, Maharashtra, Karnataka, Kerala, Tamil Nadu, Andhra Pradesh and all other states of India.

The celebration of Janmasthami in Brampton was attended by hundreds of people, was also attended by Pujya Goswami 108 Shri

((on Page 22 )












Contionus page from 21....

Vrajrajkumarji Mahodaayshri, Hon. Prabmeet Singh Sarkaria Minister of Transportation, MPP Amarjot Sandhu, MPP Deepak Annand, Mayor of Brampton Patrick Brown,, Brampton City Councillor Rod Power, Vice Consul of India Yadu ramji, Well known writer Jay Vasvada, Many organization heads, many religious intuitions heads, and community leaders and Friends of Media. Function was attended not only by people all across globe including U.K., India, Australia, U.S., and all across from Canada. This event has become a Signature event and many guests all across the globe look forward and wait to attend the event.

On the occasion Mayor of Brampton Patrick Brown gave his best wishes on Janmasthami, he mentioned that Brampton is one of the most diverse city in Canada, and it is always a pleasure to see how all the different diversities made Brampton religiously, Culturally so strong, and applauded community playing a key role in the fabrication of the diverse Canadian society also thanked Rashi Bajaj for hosting this beautiful celebration in the city of Brampton and adding more color's to the colorful city of Brampton from more than a decade and making it a larger scale year over year,



Minister Hon. Prabmeet Singh Sarkaria gave his best wishes on Janmashtami, thanked Bajaj family to organize this celebration every year and keep the tradition live, he always looks forward for the event, All attending MPP's and guest gave their best wishes to the family and thanked them to put such a wonderful celebration together.

This year occasion became more special in accordance with attendance of Pujya Goswami 108 Shri Vrajrajkumarji Mahodaayshri to bless the occasion, a warm welcome was given to him by Rashi and Saisha Bajaj, speaking on the occasion he emphasized on how to live a great spiritual life with no stress and full of enjoyment, way to lead to happiness, stress free life, important message for youth, how to walk on the path of spirituality and make themselves happy and stress free. Bajaj family was blessed with his presence. Welcoming Pujya Shri Vrajrajkumarji, Naval Bajaj mentioned he has been inviting him from last one decade, as most of time Pujya shri is in Baroda on Janmashtami, we all are blessed with his presence today on this auspicious occasion, what better blessings we can ask for.

Also, on the special occasion Jay Vasavada Gujarati language writer, orator, columnist, motivational speaker, publisher of several books, celebrity on talk shows, visited, during his last visit in 2017 he had promised to visit during the Janmashtami celebration and speak on Lord Krishna, he spoke on this occasion about Lord Krishna life, lessons we need to learn from his preaching's, how to be good human and work for the humanity. Mr. Bajaj thanked him for his visit and remembering his promise and fulfilling it.

On this occasion Naval Bajaj gave his best wishes on Janmasthami, take the learnings from the life of Lord Krishna, his preaching's from Bhagwat Gita and implement in life to make it more peaceful and beautiful. We all are blessed that we live in most beautiful county in World and blessed to celebrate different festivities throughout the year from around the globe as Canada is a country with full of diversities. Also added looking forward to welcome everyone to 2026 Janmashtami. Also thanked friends of Media for covering the event.